રજુ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૭

# અરવલ્લી જિલ્લાના મે.સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં, મુ. મોડાસા

**ક્રિ.પ.અ.નં.૬૯૯/૨૦૨૬**
આંક-

અરજદાર/આરોપી : ખાંટ કાળાજી રાંમાજી
ઉ.આ.વ.૩૯, ધંધો- ખેતી
રહે.મુલોજ તથા અણદાપુર, તા.મોડાસા, જી.અરવલ્લી

વિરુધ્ધ

સામાવાળા : શ્રી સરકાર

અરજ - બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી

---

અરજદાર/આરોપી તરફે.. વિ.વકીલ શ્રી એમ.એ.ઉપાધ્યાય
સામાવાળા/શ્રી સરકાર તરફે.. વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ

---

**-: ઠ રા વ :-**

૧.. અરજદાર/આરોપી તરફે હાલની અરજી માલપુર પો.સ્ટે. ગુના રજી.નં. ૦૨૭૫/૨૦૨૬, ઈ.પી.કો.ક. ૧૨૦(બી), ૧૯૩, ૪૧૭, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ મુજબના કામે પોલીસે તેઓને તા.૨૧/૪/૨૦૨૬ના રોજ અટક કરેલા અને તા.૧૩/૫/૨૦૨૬ના રોજ માલપુરના વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ અને તેઓના રીમાન્ડ પુરા થયા બાદ તા.૧૬/૦૫/૨૦૨૬ના રોજ તેઓને નામદાર કોર્ટમાં રજુ કરેલ અને તેઓએ જામીન અરજી કરેલી જે નામંજુર કરી અરજદાર/આરોપીને જયુડી.કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરેલ હોઇ તે હુકમથી નારાજ થઇ અરજદાર/આરોપીએ તેમના વિ.વકીલશ્રી મારફતે બી.એન. એસ . એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨.. અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ બજતા સરકાર તરફે વિ. પી.પી.શ્રી ડી.એસ.પટેલ હાજર રહેલ છે અને આંક-૬થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

૩.. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપીને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દીધેલ છે અને અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ જ ગુન્હો કરેલ નથી, તેઓને ગુન્હામાં ખોટી રીતે સંડોવેલ છે અને ખોટી રીતે હેરાન પરેશાન કરવાના બદઈરાદાથી તેઓનું ફરિયાદમાં ખોટું નામ જણાવેલ છે અને ફરિયાદમાં અરજદાર/આરોપી વિરુધ્ધ જે આક્ષેપો કરેલ છે તે ઉપરોકત તમામ સંજોગોમાં પ્રોબેબલ નથી તથા તેઓનો ગુન્હામાં સીધી કે આડકતરી રીતે કોઇ જ રોલ નથી , પરંતુ એકમાત્ર ફરિયાદીએ અરજદાર/ આરોપીની સામાજિક પ્રતિષ્ઠાને નુકશાન પહોંચડવાના ઈરાદાથી ખોટું નામ ફરિયાદમાં જણાવેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે અરજદાર/આરોપી ઉપરોકત જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે, નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે તેથી અરજીની હકીકત અને કેસના સંજોગો ધ્યાને લઈ અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

૪.. સામાવાળા/ સરકાર શ્રી તરફે વિ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે મળી જઇ તા.૧/૧૦/૨૦૨૨થી તા.૧૫/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમિયાન મોજે નાથાવાસ અને મોડાસા મામલતદાર કચેરી મુકામે ગુનાહીત કાવતરુ રચી મોજે નાથાવાસ ગામની સીમમાં જુનો ખાતા નં.૧૨૯ (નવો ખાતા નં.૩૬૨) તથા જુનો ખાતા નં.૨૩૬ (નવો ખાતા નં.૩૬૧) જમીન મુળ માલિકોના જાણ બહાર તેઓ આધારકાર્ડ મેળવી ખોટા પુરાવા ઉભા કરી ખેતીની જમીનનો વેચાણ બાનાખત ઉપર મુળ માલિક સિવાયના ખાટા બીજા ખેડુત ઉભા કરી તેમજ જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામા ઉપર મુળ માલિકોની

ખોટી સહી- અંગુઠાઓ કરી તેમજ મામલતદાર કચેરી, માલપુર મુકામે જુનો ખાતા નં.૧૨૯ (નવો ખાતા નં.૩૬૨) ખેતીલાયક જમીનનો વેચાણ દસ્તાવેજો સ્ટેમ્પ ડયુટી જમીન માલિક તરીકે સાહેદ સુફરાજી કાળાજી ડાભી, રહે.નાથાવાસ, તા.માલપુર, જી.અરવલ્લીના નામનો ખોટો માણસ ઉભો કરી ખોટો વેચાણ દસ્તાવેજ કરાવી ફરિયાદી પાસેથી જુદી જુદી તારીખે મળી કુલ રૂા.૪૮,૦૦,૦૦૦/- લાખની ઠગાઇ કરેલ છે અને હાલના અરજીના અરજદાર/આરોપી પોતે દલાલીનું કામ કરતા હોવાથી ફરિયાદીને સંપર્કમાં ચારેક વર્ષ પહેલા આવેલ અને ખોટા માણસોને ઉભા કરી જમીનનો વેચાણ બાનાખત તથા જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામું તથા જમીન દસ્તાવેજ જાતે તૈયાર કરી સહ આરોપી સાથે મળી ખોટા જમીન માલિકો ઉભા કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે અરજદાર/આરોપીએ ફરિયાદમાં જણાવેલ તકરારી જમીનના માલિકો પૈકી નં.૮ ડાભી સુખાજી શનાજીનાઓ તા.૧/૭/૨૦૨૧ના રોજ મરણ ગયેલ હોવા છતાં તા.૨૦/૨/૨૦૨૬ના રોજ અરજદાર/આરોપીએ સહ આરોપીઓ સાથે મળી જઇ જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામું તૈયાર કરેલ છે . આમ, અરજદાર/આરોપી સદર યોજનાબધ્ધ જમીન કૌભાંડનો મુખ્ય સૂત્રધાર છે અને ગુન્હામાં સક્રિય ભાગ ભજવેલ છે. તે સંજોગોમાં જો તેઓના રેગ્યુલર જામીન મંજુર કરવામાં આવે તો અરજદાર/આરોપી પ્રભાવશાળી હોવાથી બહાર આવીને ડીજીટલ પુરાવા, રેકોર્ડ અથવા અન્ય બનાવટી કાગળોનો નાશ કરી શકે છે અને બોગસ બનેલા વ્યકિતઓ, દસ્તાવેજના સાક્ષીઓ કે ખરીદનારને ડરાવી-ધમકાવીને કેસ નબળો પાડવાનો પ્રયાસ કરી શકે છે અને અન્ય સહ આરોપીઓ / સરકારી કર્મચારીઓ સંડોવાયેલ હોવાથી તેઓને પકડવાના હજુ બાકી છે. તે સંજોગોમાં જો હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે તો તેઓ બહાર આવી તેઓને ફરાર થવામાં મદદ કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. તેમજ તેઓના સ્વહસ્તાક્ષરના નમુના, હેન્ડ રાઇટીંગ, ફીંગર પ્રીન્ટ અને ફોટોગ્રાફીક એફ.એસ.એલ.માં મોકલી આપવાના બાકી છે અને

હાલમાં તપાસ ચાલુ છે અને અન્ય સહ આરોપીઓ પકડવાના બાકી છે જેથી અરજદાર/આરોપીનો ગુન્હામાં રોલ અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ તેઓના રેગ્યુલર જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે.

પ.. અરજીની હકીકતો વંચાણે લીધી. બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળ્યા. અરજીના સમર્થનમાં રજુ આંક-૩નું દસ્તાવેજી પુરાવાલીસ્ટ ધ્યાને લીધું તથા તપાસ કરનાર અધિકારીનું આંક-૬નું સોગંદનામું વંચાણે લીધું. ફરિયાદ હકીકત તથા પોલીસ પેપર્સ વંચાણે લેતાં હાલના અરજીના અરજદાર/આરોપી દલાલીનું કામ કરતા હોવાથી ફરિયાદીના સંપર્કમાં આવી અલગ અલગ જગ્યાએ ખેતીલાયક જમીનો બતાવેલી તે રીતે ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરેલ છે અને ખોટા માણસોને ઉભા કરી જમીનનો વેચાણ બાનાખત તથા જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામું તથા જમીન દસ્તાવેજ જાતે તૈયાર કરી સહ આરોપી સાથે મળી ખોટા જમીન માલિકો ઉભા કરેલ હોવાનું તપાસમાં ખુલેલ છે. તેમજ અરજદાર/આરોપીએ તકરારી જમીનના માલિકો પૈકી નં.૮ ડાભી સુખાજી શનાજીનાઓ તા.૧/૭/૨૦૨૧ના રોજ મરણ ગયેલ હોવા છતાં તા.૨૦/૨/૨૦૨૬ના રોજ સહ આરોપીઓ સાથે મળી જઇ જમીન વહેંચણી કરવા અંગેનું ખોટું સોગંદનામું તૈયાર કરી મરણજનાર વ્યકિતના નામ સામે બીજા ખોટા વ્યકિતનો ફોટો ઉભો કરી ખોટા લગાવી અંગ્રેજીમાં એસ.એસ.ડી. કેરલ છે અને ખોટા જમીન માલિક ઉભા કરેલ હોવાનું પણ તપાસમાં ખુલેલ છે. આમ, અરજદાર/આરોપી સદર યોજનાબધ્ધ જમીન કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હોવાનું જણાઇ આવે છે અને જમીન કૌભાંડના ગુન્હામાં સક્રિય ભાગ ભજવેલ છે અને ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં હાલની જામીન અરજીના તબકકે અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. તેમજ ગુન્હાની તપાસ હાલમાં ચાલુ છે તેમજ અન્ય સહઆરોપીઓ હજુ પકડવાના બાકી હોવાનું પોલીસ કેસ પેપર્સ વંચાણે લેતા જણાઇ આવે છે. જેથી અરજદાર/આરોપીએ ગુન્હામાં ભજવેલ રોલ અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતાં અરજદાર/આરોપીને રેગ્યુલર

જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક સત્તા વાપરવી ઉચિત જણાતું નથી, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : સોળમી, માહે : જુન, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૬/ ૨૬
મુ.મોડાસા

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
સત્ર ન્યાયાધીશ
અરવલ્લી -મોડાસા
(કોડ નં.જી.જે.૦૧૫૧૨)

ડી.ટી.મકવાણા